**10.03.2020** પ્રાતઃમુરલી **મધુબન**
ઓમ શાંતિ
બાપદાદા

**" મીઠા બાળકો - પદનો આધાર છે ભણતર , જે જૂનાં ભક્ત હશે તે સારું ભણશે અને પદ પણ સારું પામશે "**

**પ્રશ્ન :-** જે બાપની યાદમાં રહે છે, તેમની નિશાની શું હશે?

**ઉત્તર :-** યાદમાં રહેવાવાળામાં સારા ગુણ હશે. તેઓ પવિત્ર થતાં જશે. રોયલ્ટી આવતી જશે. આપસમાં મીઠા ક્ષીરખંડ થઈને રહેશે, બીજાઓને નહિ જુએ સ્વયંને જોશે. તેમની બુદ્ધિમાં રહેશે-જે કરશે તે પામશે.

**ઓમ શાંતિ !** બાળકોને સમજાવ્યું છે કે આ ભારતનો જે આદિ સનાતન દેવી-દેવતા ધર્મ છે, તેનું શાસ્ત્ર છે ગીતા. આ ગીતા કોણે ગાઈ, આ કોઈ નથી જાણતું. આ જ્ઞાનની વાતો છે. બાકી આ હોળી વગેરે કાંઈ આપણો તહેવાર છે નહીં, આ બધાં છે ભક્તિમાર્ગનાં તહેવાર. તહેવાર છે તો ફક્ત એક ત્રિમૂર્તિ શિવજયંતિ. બસ. એકલું શિવજયંતી ક્યારેય પણ ન કહેવું જોઈએ. ત્રિમૂર્તિ અક્ષર ન નાખવાથી મનુષ્ય સમજશે નહી. જેમ ત્રિમૂર્તિનું ચિત્ર છે, નીચે લખેલું હોય કે દૈવી સ્વરાજ્ય તમારો જન્મસિધ્ધ અધિકાર છે. શિવ ભગવાન બાપ પણ છે ને. જરૂર આવે છે, આવીને સ્વર્ગનાં માલિક બનાવે છે. સ્વર્ગનાં માલિક બન્યાં જ છે રાજયોગ શીખવાથી. અંદર ચિત્રોમાં તો ખૂબ જ્ઞાન છે. ચિત્ર એવાં બનાવવાનાં છે જે મનુષ્ય જોવાથી વન્ડર ખાય. તે પણ જેમણે ખૂબ ભક્તિ કરી હશે, તેજ ખૂબ સારી રીતે જ્ઞાન ઉઠાવશે. ઓછી ભક્તિ કરવાવાળા જ્ઞાન પણ ઓછું ઉઠાવશે તો પદ પણ ઓછું પામશે. દાસ-દાસીઓમાં પણ નંબરવાર હોય છે ને. બધો આધાર છે ભણતર પર. તમારામાં ખૂબ થોડાં છે જે સારી રીતે યુક્તિથી વાત કરી શકે છે. સારા બાળકોની એક્ટિવિટી (પ્રવૃત્તિ) પણ સારી હશે. ગુણ પણ સુંદર હોવા જોઈએ. જેટલું બાપની યાદમાં રહેશો તો પવિત્ર થતાં જશો અને રોયલ્ટી પણ આવતી જશે. ક્યાંક-ક્યાંક તો શુદ્રોની ચલન ખૂબ સારી હોય છે અને અહીંયા બ્રાહ્મણ બાળકોની ચલન એવી છે, વાત નહીં પૂછો એટલે તે લોકો પણ કહે છે શું આમને ઈશ્વર ભણાવે છે! તો બાળકોની એવી ચલન ન હોવી જોઈએ. બહું મીઠા ક્ષીરખંડ થવું જોઈએ, જે કરશે તે પામશે. નહીં કરેશે તો નહીં પામશે. બાપ તો સારી રીતે સમજાવતાં રહે છે. પહેલાં-પહેલાં તો બેહદનાં બાપનો પરિચય આપતાં રહો. ત્રિમૂર્તિનું ચિત્ર તો ખૂબ સારું છે-સ્વર્ગ અને નર્ક પણ બંને તરફ છે. ગોળામાં પણ ક્લિયર (સ્પષ્ટ) છે. કોઈ પણ ધર્મવાળાને આ ગોળા પર કે ઝાડ પર તમે સમજાવી શકો છો-આ હિસાબ થી તમે સ્વર્ગ નવી દુનિયામાં તો આવી નહીં શકો. જે સૌથી ઊંચો ધર્મ હતો, સૌથી સાહૂકાર હતાં, તેઓ જ સૌથી ગરીબ બન્યાં છે, જે સૌથી પહેલાં-પહેલાં હતાં, સંખ્યા પણ તેમની વધારે હોવી જોઈએ પરંતુ હિન્દુ લોકો ખૂબ બીજા-બીજા ધર્મોમાં કન્વર્ટ (રુપાંતર) થઈ ગયાં છે. પોતાનાં ધર્મને ન જાણવાનાં કારણે બીજા ધર્મોમાં ચાલ્યા ગયાં છે અથવા તો હિંદુ ધર્મ કહી દે છે. પોતાનાં ધર્મને પણ સમજતાં નથી. ઈશ્વરને પોકારે બહુજ છે શાંતિ દેવ, પરંતુ શાંતિનો અર્થ સમજતાં નથી. એક-બીજાને શાંતિની પ્રાઈઝ (પુરસ્કાર) આપતાં રહે છે. અહીંયા તમે વિશ્વમાં શાંતિ સ્થાપન કરવાનાં નિમિત્ત બનેલાં બાળકોને બાપ વિશ્વની રાજાઈ પ્રાઈઝમાં આપે છે. આ ઇનામ પણ નંબરવાર પુરુષાર્થ અનુસાર મળે છે. આપવાવાળા છે ભગવાન બાપ. ઇનામ કેટલું મોટું છે-સૂર્યવંશી વિશ્વની રાજાઈ! હવે આપ બાળકોની બુદ્ધિમાં આખાં વિશ્વની હિસ્ટ્રી-જોગ્રાફી વર્ણ વગેરે બધુંજ છે. વિશ્વની રાજાઈ લેવી છે તો થોડી મહેનત પણ કરવાની છે. પોઈન્ટ તો ખુબ સહજ છે. શિક્ષક જે કામ આપે છે તે કરીને દેખાડવું જોઈએ. તો બાબા જુએ કે કોનામાં પૂરું જ્ઞાન છે. ઘણાં બાળકો તો મુરલી પર પણ ધ્યાન નથી આપતાં. રેગ્યુલર (નિયમિત) મુરલી વાંચતા નથી. જે મુરલી નથી વાંચતા તે શું કોઈનું કલ્યાણ કરતાં હશે! ઘણાં બાળકો છે જે કાંઈ પણ કલ્યાણ નથી કરતાં. ન પોતાનું, ન બીજાનું કરે છે એટલે ઘોડેસવાર, પ્યાદા કહેવાય છે. કોઈ થોડાં મહારથી છે, પોતે પણ સમજી શકે છે - કોણ-કોણ મહારથી છે. કહે છે બાબા ગુલઝાર ને, કુમારકા ને, મનોહર ને મોકલો... કારણ કે પોતે ઘોડેસવાર છે. તેઓ મહારથી છે. બાપ તો બધાં બાળકોને સારી રીતે જાણી શકે છે. કોઈનાં પર ગ્રહચારી પણ બેસે છે ને. ક્યારેક સારા-સારા બાળકોને પણ માયાનું તોફાન આવવાથી બેતાલા બની જાય છે. જ્ઞાન તરફ ધ્યાન જ નથી જતું. બાબાને દરેકની સર્વિસ (સેવા) થી ખબર તો પડે છે ને. સર્વિસ કરવાવાળા પોતાનાં પુરા સમાચાર બાબાને આપતાં રહેશે.

આપ બાળકો જાણો છો ગીતાનાં ભગવાન આપણને વિશ્વનાં માલિક બનાવી રહ્યાં છે. ઘણાં છે જે તે ગીતા પણ કંઠસ્થ કરી લે છે, હજારો રૂપિયા કમાય છે. તમે છો બ્રાહ્મણ સંપ્રદાય જે પછી દૈવી સંપ્રદાય બનો છો. ઈશ્વર ની ઔલાદ પણ બધાં પોતાને કહે છે પછી કહી દે છે આપણે બધાં ઈશ્વર છીએ, જેમને જે આવડે છે તે બોલતાં રહે છે. ભક્તિમાર્ગમાં મનુષ્યોની હાલત કેવી થઈ ગઈ છે. આ દુનિયા જ આઈરન એજ્ડ (કળયુગી) પતિત છે. આ ચિત્રથી ખૂબ સારી રીતે સમજાવી શકશો. સાથે દૈવી ગુણ પણ જોઈએ. અંદર-બહાર સચ્ચાઈ જોઈએ. આત્મા જ જુઠ્ઠી બની છે એને પછી સાચાં બાપ સાચ્ચી બનાવે છે. બાપ જ આવીને સ્વર્ગનાં માલિક બનાવે છે. દૈવીગુણ ધારણ કરાવે છે. આપ બાળકો જાણો છો આપણે આવાં (લક્ષ્મી-નારાયણ) ગુણવાન બની રહ્યાં છીએં. પોતાની તપાસ કરતા રહો-અમારામાં કોઇ આસુરી ગુણ તો નથી? ચાલતાં-ચાલતાં માયાનો થપ્પડ એવો લાગે છે જે ઢગલો થઈ પડી જાય છે.

તમારાં માટે આ જ્ઞાન અને વિજ્ઞાન જ હોળી-ધુળેટી છે. તે લોકો પણ હોળી અને ધુળેટી મનાવે છે પરંતુ તેનો અર્થ શું છે, આ પણ કોઈ નથી જાણતું. હકીકતમાં આ જ્ઞાન અને વિજ્ઞાન છે, જેનાંથી તમે પોતાને ખૂબ ઊંચા બનાવો છો. તેઓ તો શું-શું કરે છે, ધૂળ નાખે છે કારણ કે આ છે રૌરવ નર્ક. નવી દુનિયાની સ્થાપના અને જૂની દુનિયાનાં વિનાશનું કર્તવ્ય ચાલી રહ્યું છે. તમને ઈશ્વરીય સંતાનને પણ માયા એકદમ ઘૂસો એવો લગાવી દે છે જે જોરથી દુબનમાં (દલદલ) પડી જાઓ છો. પછી એમાંથી નીકળવું ખૂબ મુશ્કેલ થાય છે, આમાં પછી આશીર્વાદ વગેરેની કોઈ વાત નથી રહેતી. પછી આ તરફ મુશ્કેલ ચઢી શકે છે એટલે બહુજ ખબરદારી જોઈએ. માયાના વારથી બચવાનાં માટે ક્યારેય દેહ-અભિમાનમાં નહીં ફસો. સદા ખબરદાર, બધાં ભાઈ-બહેન છે. બાબાએ જે શીખવાડ્યું છે તેજ બહેનો શીખવાડે છે. બલિહારી બાપ ની છે ન કે બહેનોની. બ્રહ્મા ની પણ બલિહારી નથી. આ પણ પુરુષાર્થ થી શીખ્યાં છે. પુરુષાર્થ સારો કર્યો છે એટલે પોતાનું કલ્યાણ કર્યું છે. આપણને પણ શીખવાડે છે તો આપણે પોતાનું કલ્યાણ કરીએ.

આજે હોળી છે, હવે હોળીનું જ્ઞાન પણ સંભળાવતાં રહે છે. જ્ઞાન અને વિજ્ઞાન. ભણતરને જ્ઞાન કહેવાય છે. વિજ્ઞાન શું ચીજ છે, કોઈને પણ ખબર નથી. વિજ્ઞાન છે જ્ઞાન થી પણ પરે. જ્ઞાન તમને અહીંયા મળે છે, જેનાંથી તમે પ્રાલબ્ધ પામો છો. બાકી તે છે શાંતિધામ. અહીં પાર્ટ ભજવી થાકી જાય છે તો પછી શાંતિમાં જવા ઈચ્છે છે. હમણાં તમારી બુદ્ધિમાં આ ચક્રનું જ્ઞાન છે. હવે આપણે સ્વર્ગમાં જઈશું પછી ૮૪ જન્મ લેતાં નર્કમાં આવશું. ફરી તેજ હાલત થશે, આ ચાલતું જ રહેશે. આનાંથી કોઈ છૂટી નથી શકતું. કોઈ કહે છે આ ડ્રામા બન્યો જ કેમ? અરે, આ તો નવી દુનિયા અને જૂની દુનિયાની રમત છે. અનાદિ બનેલ છે. ઝાડ પર સમજાવવાનું ખૂબ સરસ છે. સૌથી પહેલી મુખ્ય વાત છે બાપને યાદ કરો તો પાવન બની જશો. આગળ ચાલીને ખબર પડતી જશે - કોણ-કોણ આ કુળનાં છે જે બીજા ધર્મોમાં કન્વર્ટ થઈ ગયાં છે, તે પણ નીકળતાં જશે. જ્યારે બધાં આવશે તો મનુષ્ય વન્ડર ખાશે. બધાને આજ કહેવાનું છે કે દેહ-અભિમાન છોડી દેહી-અભિમાની બનો. તમારાં માટે ભણતર જ મોટો તહેવાર છે, જેનાંથી તમારી કેટલી કમાણી થાય છે. તે લોકો તો આ તહેવારો ને મનાવવામાં કેટલા પૈસા વગેરે બરબાદ કરે છે, કેટલાં ઝઘડા વગેરે થાય છે. પંચાયતી રાજ્યમાં કેટલાં ઝઘડા જ ઝઘડા છે, કોઈને રિશ્વત (લાંચ) આપીને પણ મરાવવાની કોશિશ કરે છે. આવાં ખૂબ દાખલા થતાં રહે છે. બાળકો જાણે છે સતયુગમાં કોઈ ઉપદ્રવ થતો જ નથી. રાવણ રાજ્યમાં ખૂબ ઉપદ્રવ છે. હમણાં તો તમોપ્રધાન છે ને. એક-બીજા થી મત ન મળવાનાં કારણે કેટલાં ઝઘડા છે એટલે બાપ સમજાવતાં રહે છે આ જૂની દુનિયા ને ભૂલી એકલાં બની જાઓ, ઘરને યાદ કરો. પોતાનાં સુખધામ ને યાદ કરો, કોઈનાં થી વધારે વાત પણ નહીં કરો, નહીં તો નુકસાન થઈ જાય છે. ખૂબ મીઠાસ, શાંતિ, પ્રેમ થી બોલવું સારું છે. વધારે ન બોલવું સારું છે. શાંતિમાં રહેવું સૌથી સારું છે. આપ બાળકો તો શાંતિથી વિજય પામો છો. સિવાય એક બાપનાં બીજા કોઈ થી પ્રીત નથી લગાડવાની. જેટલી બાપથી પ્રોપર્ટી (સંપત્તિ) લેવા ઈચ્છો એટલી લઈ લો. નહીં તો લૌકિક બાપ ની પ્રોપર્ટી પર કેટલાં ઝઘડો થઈ જાય છે. આમાં કોઈ ખીટ-ખીટ નથી. જેટલું ઈચ્છો એટલું પોતાનાં ભણતર થી લઈ શકો છો. અચ્છા!

મીઠા-મીઠા સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદાનાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપની રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સાર :-**

1. સાચાં બાપ સાચાં બનાવવા આવ્યાં છે એટલે સચ્ચાઈ થી ચાલવાનું છે. પોતાની તપાસ કરવાની છે -

અમારામાં કોઇ આસુરી ગુણ તો નથી? અમે વધારે વાત તો નથી કરતાં? ખૂબ મીઠા બની શાંતિ અને પ્રેમ થી વાત કરવાની છે.

2. મુરલી પર પૂરું ધ્યાન આપવાનું છે. રોજ મુરલી વાંચવાની છે. પોતાનું અને બીજાનું કલ્યાણ કરવાનું છે. શિક્ષક જે કામ આપે છે તે કરીને દેખાડવાનું છે.

**વરદાન :-** **અવિનાશી રુહાની રંગ ની સાચ્ચી હોળી દ્વારા બાપ સમાન સ્થિતિ નાં અનુભવી ભવ**

તમે પરમાત્મા રંગ માં રંગાયેલી હોલી (પવિત્ર) આત્માઓ છો. સંગમયુગ હોલી જીવનનું યુગ છે. જ્યારે અવિનાશી રુહાની રંગ લાગી જાય છે તો સદાકાળનાં માટે બાપ સમાન બની જાઓ છો. તો તમારી હોળી છે સંગનાં રંગ દ્વારા બાપ સમાન બનવું. એવો પાકો રંગ હોય જે બીજાઓને પણ સમાન બનાવી દો. દરેક આત્મા પર અવિનાશી જ્ઞાન નો રંગ, યાદ નો રંગ, અનેક શક્તિઓનો રંગ, ગુણો નો રંગ, શ્રેષ્ઠ વૃત્તિ દૃષ્ટિ, શુભ ભાવના, શુભકામના નો રુહાની રંગ ચઢાવો.

**સ્લોગન :-** દૃષ્ટિને અલૌકિક, મનને શીતળ, બુદ્ધિને રહેમદિલ અને મુખને મધુર બનાવો.

**માતેશ્વરી જીનાં અણમોલ મહાવાક્ય**

**૧ - " ગુપ્ત બાંધેલી ગોપિકાઓનું ગાયન છે "**

**ગીત -** બિન દેખે પ્યાર કરું, ઘર બેઠે યાદ કરુ.....

હવે આ ગીત કોઈ બાંધેલી મસ્ત ગોપી નું ગાયેલું છે, આ છે કલ્પ-કલ્પ વાળી વિચિત્ર રમત. વગર જોયે પ્રેમ કરે છે, દુનિયા બિચારી શું જાણે, કલ્પ પહેલાં વાળો પાર્ટ હૂબહૂ રીપીટ થઈ રહ્યો છે. ભલે તે ગોપીએ ઘરબાર નથી છોડ્યું પરંતુ યાદમાં કર્મબંધન ચૂકતું કરી રહી છે, તો આ કેટલી ખુશીમાં ઝૂમી-ઝૂમી ને મસ્તીમાં ગાઈ રહી છે. તો હકીકતમાં ઘર છોડવાની વાત નથી. ઘરે બેઠાં વગર જોયે તે સુખમાં રહી સર્વિસ (સેવા) કરવાની છે. કઈ સેવા કરવાની છે? પવિત્ર બની પવિત્ર બનાવવાની, તમને ત્રીજું નેત્ર હવે મળ્યું છે. આદિથી લઈને અંત સુધી બીજ અને ઝાડનું રહસ્ય તમારી નજરોમાં છે. તો બલિહારી આ જીવનની છે, આ નોલેજ દ્વારા ૨૧ જન્મોનાં માટે સૌભાગ્ય બનાવી રહ્યાં છીએં, આમાં જો કાંઈ પણ લોક-લાજ વિકારી કુળની મર્યાદા છે તો તે સર્વિસ નહિ કરી શકે, આ છે પોતાની કમી. ઘણાઓને વિચાર આવે છે કે આ બ્રહ્માકુમારીઓ ઘર તોડાવા આવી છે પરંતુ આમાં ઘર છોડવાની વાત નથી, ઘરે બેઠાં પવિત્ર રહેવાનું છે અને સર્વિસ કરવાની છે, આમાં કોઈ કઠણાઈ નથી. પવિત્ર બનશો ત્યારે પવિત્ર દુનિયામાં ચાલવાનાં અધિકારી બનશો. બાકી જે નથી ચાલવાવાળા, તેઓ તો કલ્પ પહેલાવાળી શત્રુતા નો પાર્ટ ભજવશે, આમાં કોઇનો દોષ નથી. જેમ આપણે પરમાત્મા નાં કાર્યને જાણીએ છીએ તેમ ડ્રામાની અંદર દરેકનાં પાર્ટ જાણી ચુક્યાં છીએ તો આમાં ધૃણા નથી આવી શકતી. આવી તીવ્ર પુરુષાર્થી ગોપીઓ રેસ કરી વિજય માળામાં પણ આવી શકે છે. અચ્છા.

ઓમ શાંતિ.